શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

જિલ્લા પ્રોજેકટ કચેરી, સર્વ શિક્ષા અભિયાન
૨૦૧,ખોડીયાર કોમ્પ્લેક્ષ, એરફોર્સ
રોડ,જામનગર.
ફોન નં (૦૨૮૮) ૨૭૧૩૩૪૯
Email :dpcjamnagar@gmail.com
Helpline No.1800-233-3143

એસએસએ/એસટીપી/૨૦૧૩/ ૮૭૧૭-૨૭ તા.૧૮/૦૪/૨૦૧૩

પ્રતિ,
બીઆરસી કો-ઓર્ડિનેટરશ્રી,
તાલુકાઃ-તમામ
જીલ્લોઃ-જામનગર

વિષયઃ- શાળા બહારના બાળકોના એસટીપી વર્ગો બાબત.
સંદર્ભઃ- એસપીઓના પત્ર ક્રમાક નં એસએસએ/ એસટીપી/ ૨૦૧૩/૧૫૪૨૯-૪૫૮, તા.૮/૦૪/૨૦૧૩

જય ભારત સહ ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ૬ થી ૧૪ વયજૂથના શાળા બહારના બાળકોને એસટીપીની જુદી જુદી યોજનામાં સાંકળી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવામાં આવી રહયાં છે.

રાઈટ ટુ એજયુકેશન એકટ -૨૦૦૯ની જોગવાઈ અનુસાર ૬ થી ૧૪ વર્ષની વયજૂથના દરેક બાળકને મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો અધિકાર છે.એકટના પ્રકરણ -૨ મુદા નં.-૪ ની જોગવાઈ મુજબ શાળા બહારના તમામ બાળકોને તાત્કાલિક વયમુજબની ક્ષમતા સિધ્ધ થાય તે માટે વયકક્ષા મુજબના ધોરણમાં શાળામાં નામાંકન થયા બાદ વયકક્ષા મુજબની ક્ષમતા સિધ્ધ થાય માટે આવા ૯ થી ૧૪ વર્ષની વયજૂથના શાળા બહાર બાળકો સ્પેશિયલ ટ્રેનીગ શરૂ કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમ અંતર્ગત ઉનાળા વેકેશનમાં બાળમિત્રની ૧૫ દિવસની બીન નિવાસી તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. તાલીમ બાદ વેકેશનના સમયગાળા દરમ્યાન ઓળખ થયેલા શાળા બહારના બાળકોનો બાળમિત્રોએ સવારે ૧૧:૦૦ થી ૧૭:૦૦ કલાક સુધી સંપર્ક કરવાનો રહેશે.તેમજ આ સાથે બિડાણમાં સામેલ નમૂના મુજબ સંપર્ક રજીસ્ટર ફરજિયાત નિભાવવાનું રહેશે.આ સંપર્ક રજીસ્ટરનો ખર્ચ એસએમસીએ કન્ટીજન્સીમાં પાડવાનો રહેશે.

વેકેશનમાં રવિવાર અને જાહેર રજાના દિવસોમાં બાળમિત્રને રજા મળવાપાત્ર રહેશે.પરંતુ મંથલી રીવ્યુ મીટીંગમાં બાળમિત્રોએ હાજર રહેવાનું રહેશે.

ઉકત સુચનાઓ/માર્ગદર્શન આપની કક્ષાએથી સંબંધિત તમામને આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ સંપર્ક રજીસ્ટરનો નમૂનો

જિલ્લા પ્રોજેકટ કો-ઓર્ડિનેટર
અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જામનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ.
માન.સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,સ્ટેટ પ્રોજેકટ ઓફિસ,એસએસએ,ગાંધીનગર


http://teachersvadodara.yolasite.com/
Ankit Shah